# વ્યક્તિત્વ

- વ્યકિતત્વ એટલે
  - બાહ્ય દેખાવ
  - છાપ
  - અન્ય વ્યક્તિથી જુદી પાડતી બાબતો
    - દા.ત. સ્વભાવ, ગુસ્સો, કદ,ટેવ, લાગણી
- સમાજ દ્વારા માન્ય અને અમાન્ય ગુણોનું સંયોજન

| | | |
|---|---|---|
| દેખાવ | ચારિત્ર્ય | સ્વભાવ |
| અભિરુચિ | વૃત્તિઓ | બુદ્ધિ-અભિયોગ્યતા |
| અનુકૂલન | શારીરિક શક્તિઓ | માનસિક શક્તિઓ |

# વ્યક્તિત્વના પ્રકાર

- બહિર્મુખી
  - વાચીતમાં કુશળ
  - ચિંતામુક્ત
  - ક્ષોભ-સંકોચ નહીં
  - મૈત્રીપૂર્ણ વ્યવહાર
  - અન્ય સાથે કામ કરવું ગમે
  - પોતાની વસ્તુ માટે બેફિકરા
  - પરિવર્તનશીલ
  - ઝડપી અનુકૂલન સાધી શકે
  - રમતગમતમાં વધુ રસ

- અંતર્મુખી
  - બોલવા કરતાં લખવામાં ફાવટ
  - ચિંતિત મનોવૃત્તિ
  - ક્ષોભ-સંકોચ અનુભવે
  - સ્વભાવે અતડા
  - એકલા કામ કરવાનું પસંદ કરે
  - પોતાની વસ્તુ માટે કાળજીવાળા
  - પરિવર્તનશીલ જલ્દી ન સ્વીકારે
  - ઝડપી અનુકૂલન ન સાધે
  - વાંચનમાં વધુ રસ

# વ્યકિતત્વ પર અસર કરતાં પરિબળો

- શારીરિક બાંધો :
  - દેખાવ, કદ, ઊંચાઇ,
- નલિકારહિત ગ્રંથિઓ
  - થાયરોઇડ , પિટ્યુટરી, અડ્રિનલ
- આનુવંશિક ગુણો
  - કેટલાક રોગ, કદ, રંગ, સ્વભાવ, વ્યાવસાયિક યોગ્યતા વગેરે

- માનસિક શક્તિઓ
- સંવેગો
- વાતાવરણ
  - ઘર
  - શાળા
  - મિત્રો-અડોશપડોશ
- સામાજિક વાતાવરણ-સંસ્કૃતિ

# વ્યક્તિત્વ માપન માટેના સાધનો અને પ્રયુક્તિઓ

# પ્રયુકિતઓ

૧. વ્યતિનિષ્ઠ પ્રયુકિતઓ
૨. વસ્તુનિષ્ઠ પ્રયુકિતઓ
૩. પ્રક્ષેપણ પ્રયુકિતઓ

# વ્યકિતનિષ્ઠ પ્રયુકિતઓ

૧. **આત્મકથા અથવા સ્વઈતિહાસ**
   - પોતાના વિશેની માહિતી
   - જીવનદર્શન અને આદર્શોનો ખ્યાલ આવે
   - પોતાના મનોભાવો પણ વ્યક્ત કરે
   - ૧૦૦% વિશ્વસનીય નથી

2. વ્યકિત ઈતિહાસ

- વ્યકિતની સમસ્યા કે પ્રશ્નો સમજવા મનોચિકિત્સકો દ્વારા
- જન્મથી શરૂ કરીને માહિતી મેળવવામાં આવે છે
- ઉછેર, સામાજિક, માનસિક, વાતાવરણ, સ્વાસ્થ્ય, રોગ, પ્રગતિ, મિત્રો, ટેવ-કુટેવ વગેરે વિશે જાણીને સમસ્યાનું નિદાન કરે છે.
- મિત્રો કે પરિચિત પાસેથી પણ જાણી શકાય

# 3. મુલાકાત

- રૂબરૂ મુલાકાત
- પ્રશ્નોત્તરી
- મુલાકાત આપનારના વર્તન અને મનોભાવનું નિરીક્ષણ
- વ્યકિતના આવેગો, ટેવ, ગમા-અણગમા, પ્રેરકો વગેરેની માહિતી મળે
- નોકરીના ઈન્ટરવ્યુ

- 4 વ્યકિતત્વ સંશોધની
  - વ્યકિત કે વિદ્યાર્થીની સમસ્યા જાણવા માટે
    - સમસ્યાને અનુરૂપ પ્રશ્નાવલી બનાવવામાં આવે
    - જવાબ “ હા ” કે “ ના ” માં આપવાનો હોય છે. અથવા ✓કે + ની નિશાની કરવાની હોય છે.

દા.ત........

૧...... તમને ભૂતનો ડર લાગે છે?

૨...... શું તમને તમારા કામથી સંતોષ છે?

૩...... તમને એકલા ફિલ્મ જોવાનું ગમે છે.

# વસ્તુનિષ્ઠ પ્રયુકિતઓ

૧. નિરીક્ષણ
  – પ્રત્યક્ષ નિરીક્ષણ કરવામાં આવે છે.
  – ચોક્કસ સ્થળ અને નિર્ધારિત સમયે
  – જોયેલી બાબતોની નોંધ કરવામાં આવે છે.

- બે પ્રકાર
  1. અનિયંત્રિત : જેમાં વ્યકિતને વિક્ષેપ ના થાય તેવી રીતે નિરીક્ષણ
  2. નિયંત્રિત : વિદ્યાર્થીની પ્રવૃત્તિને નિશ્ચિત રીતે ગોઠવવામાં આવે

# 2. મૂલ્યકરણ તુલાઓ / ક્રમપાપદંડ ( Rating Scales)

૧. અમુક ચોક્કસ લક્ષણ કે ગુણ વ્યકિતમાં કેટલા પ્રમાણમાં છે તે જાણવા

૨. અમુક લક્ષણ કે ગુણના સંદર્ભમાં વ્યકિત તેના સમૂહમાં કયા સ્થાને છે તે જાણવા

કસોટી સ્વરૂપને આધારે તેના પ્રકાર પડે છે.

# ક્રમમાપદંડ ( Rating Scales) ના પ્રકાર

૧. આલેખિત ક્રમમાપદંડ

દા.ત.

પ્રશ્ન : તમને સહઅભ્યાસ પ્રવૃત્તિમાં ભાગ લેવાનું પસંદ કરો છો.

| | | | | |
|---|---|---|---|---|
| હંમેશાં | ઘણીવાર | પ્રશંગોપાત | જવલ્લે જ | કદાપિ નહીં |

# ૨. વર્ણનાત્મક

પ્રશ્ન : તમને શિક્ષકનો ડર લાગે છે?

- ખૂબ જ પ્રમાણમાં ડર લાગે છે.
- મોટેભાગે ડર લાગે છે
- ઘણીવાર ડર લાગે છે
- કોઈક વાર ડર લાગે છે.
- કદી ડર લાગતો નથી.

# સાંખ્યિક ક્રમમાપદંડ

પ્રશ્ન : રમેશમાં રહેલી પ્રામાણિકતાનું પ્રમાણ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|


# પ્રક્ષેપણ પ્રયુકિતઓ

- રોર્શેકની શાહીના ડાઘાની કસોટી

  ( Rorschach's Ink Blot Test)

# હરમેન રોર્શેક

- સ્વિરઝલેન્ડ
- ૧૯૨૧ માં કસોટીની રચના



# કસોટીની રચના :

- કાગળ પર શાહી ઢોળી કાગળને વચ્ચેથી વાળવામાં આવ્યો
- બંને બાજુ સુરૂપ આકૃતિ
- ઘણી આકૃતિમાંથી ૧૦ આકૃતિ પસંદ કરી
- ૧૦ આકૃતિમાં.... પાંચ ડાઘા કાળા અને ઝાંખા કાળા, બે માં કાળા ડાઘા ઉપરાંત થોડા લાલ ડાઘા, બાકીની ત્રણમાં જુદા જુદા રંગોના ડાઘા



# કસોટીનો ઉપયોગ

- પ્રયોગપાત્રને એકપછી એક ૧૦ કાર્ડ બતાવવામાં આવે છે
- પ્રયોગપાત્રને પૂછવામાં આવે છે કે “ તમને શું દેખાય છે? ”
- પ્રયોગપાત્ર કાર્ડને ગમે તે રીતે ફેરવીને જૂએ છે.
- પ્રયોગપાત્ર પ્રત્યાચાર આપે ત્યારે........ સમય, અકળામણ, ચિંતા, હર્ષ વગેરે ભાવો નોંધવામાં આવે છે.
- ડાઘામાં દેખાતી વસ્તુના નામ બોલવાની છૂટ
- કાર્ડ બે વાર બતાવવામાં આવે છે
- પ્રત્યાચાર બદલી શકે છે.
- ત્યારબાદ તેને આપેલા પ્રત્યાચારને આધારે મૂલ્યાંકન કરવામાં આવે છે.

# થિમેટિક અપર્સેપ્શન ટેસ્ટ

- હેન્ની મરે – હાવર્ડ યુનિવસટીમાં
- કુલ ૨૦ કાર્ડ
- તેમાંથી ૧૯ કાર્ડ સફેદ અને તેનાં પર કાળી શાહીથી છાપેલાં ચિત્રો
- ૧ કાર્ડ બિલકુલ કોરું
- કાર્ડ પરનાં ચિત્રો વિવિધ ભાવાવેશ દર્શાવે છે.
- પ્રયોગકર્તાએ દરેક કાર્ડ માટે ચિત્ર જોઈને વાર્તા રચવાની હોય છે.વાર્તામાં પ્રયોગપાત્રના વિચારો, માન્યતાઓ, હતાશા વગેરે આવી જ જાય છે.
- છેલ્લાં કોરા કાર્ડમાં પ્રયોગપાત્રએ કોઈ એક ચિત્રની કલ્પના કરીને વાર્તા રચવાની હોય છે.
- અંતે વાર્તાના આધારે પ્રયોગપાત્ર સાથે ચર્ચા – જેના આધારે વાર્તાનું મૂળ, સ્થળ, માણસના નામ, સમય વગેરેની માહિતી મેળવવામાં આવે છે.

# વાક્યપૂર્તિ કસોટી

- પ્રયોગપાત્રને અધૂરા વાક્યો કે ખાલી જગ્યા પૂરવાનું કહેવામાં આવે છે.
- જેમાં પ્રયોગપાત્ર પોતાની ઇચ્છા, મનોભાવો, લાગણી, પસંદગી પૂરતો હોય છે.

દા.ત.

૧. આપણો દેશ........

૨. મારા જીવનમાં........નું મહત્વ ખૂબ જ છે.

૩. મને મારી પસંદગીની વસ્તુ મળી જાય તો............

# શબ્દ સાહચર્ય

- જેમાં એકબીજા સાથે સંબંધિત ન હોય તેવા શબ્દો એકપછી એક રજૂ કરવામાં આવે છે.
- પ્રયોગપાત્ર જે તે શબ્દ સાંભળે ત્યારબાદ તેના મનમાં આવેલ પ્રથમ શબ્દ કહેવાનો હોય છે.
- જેના આધારે તેની ચિંતનક્રિયા જાણી શકાય છે.

# ચિલ્ડ્રન અપરસેપ્શન કસોટી

- પ્રાણીના કે માનવના ચિત્રો
- જે જોઇને બાળકો તરંગો કરી શકે
- વાર્તા બનાવે
- ૩-૧૦ વર્ષના બાળકો માટે

# વ્યકિતત્વ માપનની જરૂરિયાત

- નોકરીમાં ભરતી વખતે
- સમસ્યારૂપ વ્યકિતની સમસ્યાનું નિદાન કરી ઉપચાર કરવા
- વિદ્યાર્થીને વ્યક્તિત્વના આધારે માર્ગદર્શન આપવા
- વ્યકિતને પોતાની જાતને સમજવા અને તે પ્રમાણે દિશા નક્કી કરવા
- વિદ્યાર્થીઓની સમસ્યા જાણવા અને તે માટે જરૂરી ઉપચારો કરવા